હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

આજનાં જમાનાનો મોર્ડન પત્થર - યોગા અજમાવ... ગમે તેવી માથાભારે મહેબુબા તને છોડતી ન હોય તો... આ આસન સફળ પરિણામ આપે છે... તે જાણજે...!!

માણસા તાલુકા પંચાયતના ૧૦ સભ્યોએ પક્ષાંતર કર્યુ નથી; નામોનિર્દિષ્ટ કોર્ટ

ગાંધીનગર, તા. ૨૩

માણસા તાલુકા પંચાયતના ૧૦ સભ્યોએ પક્ષાંતર કર્યુ જ નથી તેથી કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલ રિવીઝન અરજી નામોનિર્દિષ્ટ અધિકારીએ નામંજૂર કરી છે.

૧૨ પાનાના પોતાના વિસ્તૃત ચુકાદામાં કોંગ્રેસના ૧૦ સભ્યોના પક્ષમાંથી રાજીનામા આપવા અંગેના મુદ્દે કોર્ટે નોંધ્યુ છે કે ઈ-મેઈલથી મળેલા રાજીનામાની ચકાસણી કે ખરાઈ કરવાની તસ્દી પક્ષે લીધી નથી એટલુ જ નહિ આ સભ્યોએ વારંવાર તેઓ કોંગ્રેસ પક્ષમાં હોવાનું જણાવ્યુ હોવાથી પક્ષાંતર કર્યુ છે તે સાબિત થતુ નથી.

૧૦ સભ્યોના વકીલ કમલ બ્રહ્મભટ્ટે ખુબ લંબાણપૂર્વક દલીલો અને રજુઆતો કરી હતી જેને કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવી છે.

સ્વેચ્છાપૂર્વક રાજીનામા આપ્યા હોવાની વાત પણ પૂરવાર કરવામાં સામાવાળા નિષ્ફળ રહ્યા છે. માણસા તાલુકા પંચાયતના નવા હોદ્દેદારોની ચૂંટણી તાજેતરમાં સંપન્ન થઈ છે પણ આ વિવાદી અરજીને પગલે ૧૦ સભ્યોના મત બંધ કવરમાં રાખવાના રાજ્યની વડી અદાલતે આપેલા નિર્દેશ પછી હવે ૨૬મીએ કોર્ટમાં તે કવર ખુલશે અને ચૂંટણીનું પરિણામ જાહેર થશે.

હવે માણસા તાલુકા પંચાયતનો સમગ્ર મામલો કોર્ટને હવાલે છે. જે કંઈ પરિણામ આવશે તેનો અભ્યાસ કરી અને નિર્ણય લેવામાં આવશે તેમ કોંગ્રેસના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

અખિલ આંજણા કેળવણી મંડળની કારોબારી સભા યોજાઈ

આજે અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરની કારોબારી સભા યોજાઈ હતી. સભામાં હરિભાઈ શેઠનું રાજીનામુ સર્વાનુમતે નામંજૂર કરવામાં આવ્યું હતું. હરિભાઈને આજીવન પ્રમુખ તરીકે રહેવાની સર્વાનુમતે અપીલ કરવામાં આવી હતી. સોશિયલ મિડિયાનો નકારાત્મક ઉપયોગ કરી સમાજના શ્રેષ્ઠીઓને દુ:ખ ઉપજાવનાર અસામાજિક તત્વોને સભામાં સખત શબ્દોમાં વખોડવામાં આવ્યા હતા.

'પેડમેન' મુવી નિદર્શન સાથે વિદ્યાર્થિનીઓને સેનેટરી પેડનું મહત્વ સમજાવાયું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયની સર્વ નેતૃત્વ ટીમ દ્વારા આજે યુવતીઓમાં સ્વાસ્થ્ય સંબંધી જાગૃતિ આવે તે હેતુથી 'પેડમેન' મુવીના નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં

કેએસવી સંલગ્ન કોલેજોની આશરે ૧૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

સેક્ટર-૨૩માં નાથીબા હોલ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને 'પેડમેન' મુવી દેખાડ્યાં બાદ સેનેટરી પેડના ઉપયોગ અંગે વિદ્યાર્થીનીઓને જાગૃત કરવામાં આવી હતી. આ સાથે વિદ્યાર્થીનીઓને પ્રશ્નોત્તરીના સંતોષકારક ઉત્તર આપી તેનું મહત્વ સમજાવાયું હતું અને હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓ માટે ઈમર્જન્સીમાં પેડ તથા અન્ય સ્વાસ્થ્ય સંબંધી સુવિધાઓ વિના મૂલ્યે પુરી પાડવાની ખાતરી અપાઈ હતી. કાર્યક્રમના સમાપને હોસ્ટેલના સુપ્રિટેન્ડન્ટ કૌશલ્યાબેન પારેખ તથા સ્ટાફનો સર્વ નેતૃત્વ ટીમે આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે તન્મય પટેલ, રાહુલ સુખડીયા, સુરજ મુંજાણી, મિત કોપાણી, રવિ પટેલ, ભવ્ય પટેલ, દિપીકા જેઠવા, ટ્વિન્કલ પટેલ, અંજલિ વાળા, આરતી વાગાશીયા, ધર્મિષ્ઠા ઠક્કર અને અંજલિ સુખડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

સસ્પેન્ડેડ પી.એસ.આઈ દેશી દારૂની ખેપ મારતા ઝડપાયા

ચિલોડા પોલીસે એક સસ્પેન્ડેડ પીએસઆઈ સહિત ત્રણ શખ્સોને દેશી દારૂની હેરાફેરી કરતા દબોચી લીધા : ૪૦ લિટર દેશી દારૂ સાથે રિક્ષા જપ્ત

ગાંધીનગર, તા.૨૩

ચિલોડા નજીક ચંદ્રાલા નાકા પાસે વાહનચેકિંગ કરી રહેલી ચિલોડા પોલીસે એક સસ્પેન્ડેડ પી.એસ.આઈ.ને રિક્ષામાં દેશી દારૂની હેરાફેરી કરતા દબોચી લીધો છે. અમદાવાદના સરસપુર વિસ્તારમાં રહેતા સસ્પેન્ડેડ પી.એસ.આઈ સાથે ત્યાંના જ બે અન્ય સાગરીતો પણ રીક્ષામાં બેઠા હતા. ૪૦ લિટર દેશી દારૂ સાથે ત્રણેય શખ્સોની ધરપકડ કરી લઈ ચિલોડા પોલીસે દારૂની હેરાફેરીમાં વપરાતી રીક્ષા કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા પીઆઈ એલ.ડી.વાઘેલાની સૂચનાથી તેમની ટીમ ગઈકાલે ચંદ્રાલા નાકા પોઈન્ટ ઉપર સઘન વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે ત્યાંથી પસાર થઈ રહેલી એક સીએનજી રીક્ષા નંબર જીજે ૨૭ વી ૦૦૮૩ ઉપર શંકા જતા ચિલોડા પોલીસની ટીમે તેને રોકાવી તપાસ કરી હતી. આ રિક્ષામાં તપાસ કરતા અંદરથી ૪૦ લીટર દેશી દારૂની કોથળીઓ મળી આવી હતી. દેશી દારૂની ખેપ મારી રહેલા ત્રણ શખ્સો પૈકી એક સસ્પેન્ડેડ પી.એસ.આઈ હોવાનુ બહાર આવ્યું છે. અમદાવાદના સરસપુર વિસ્તારના ત્રણ શખ્સો પૈકી ભાસ્કરસિંહ નંદલાલસિંહ

રાજપુત એટલે કે બી.એન. રાજપૂત સસ્પેન્ડેડ પી.એસ.આઈ છે. તે ઉપરાંત તેમની સાથેના બીજા બે ખેપીયાઓમાં રાજેન્દ્રસિંહ રણુભા વાઘેલા અને શક્તિસિંહ હરીસિંહ પરમાર નામના શખ્સનો સમાવેશ થાય છે. ખેપ મારી રહેલા ત્રણ પૈકી બે શખ્સો દારૂ પીધેલી હાલતમાં હોવાનું ધ્યાને આવ્યું હતું. ચિરોડા પોલીસે સસ્પેન્ડ પીએસઆઈ સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી રિક્ષા સહિત દેશી દારૂનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ ૨ પીધેલા શખ્સોના અલગ કેસ પણ કરી કડક કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુરમાં ખુલ્લેઆમ જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક પેથાપુર ગામમાં બળીયાદેવનાં નાળીયા વિસ્તારમાં ગઈકાલે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી પોલીસને મળતાં પેથાપુર પોલીસે દરોડો પાડી ચાર જુગારીઓને રંગેહાથ પકડી પાડયા હતા. પોલીસે રૂ.૧૦ હજારના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પીએસઆઈ એલ.એસ. ચૌધરીની ટીમ ગઈકાલે પેથાપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે પેથાપુરના બળિયાદેવના નાળીયા વિસ્તારમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી સ્થળ પર કોર્ડન કરીને ચાર શખ્સોને ઝડપી પાડયા હતા. સેક્ટર ૨૫ જીઆઈડીસી ખાતે આવેલી વિવેકાનંદ સોસાયટીમાં રહેતા ઈરફાન અનવર સિપાઈ, સેક્ટર-૨૮ ચરેડી છાપરામાં રહેતા નારાયણ માસ્તર રાઠોડ, ગિરીશ મફા દંતાણી અને ગોવિંદ દાડમ કાગથિયા મળીને ચાર શખ્સોની રૂપિયા ૧૦૧૩૦ના રોકડ મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

લીંબડીયા ગામે જરૂરિયાતમંદને ગેસકીટ

તાલુકાના લીંબડીયા ગામે ઓએનજીસી તથા શ્રીજી ગેસ એજન્સીના સંયુક્ત ઉપક્રમે જરૂરિયાતમંદ પરિવારોના લાભાર્થીઓને રસોઈ કરવા માટે ગેસ સિલિન્ડર આપવામાં આવ્યા હતા. ગામના પરિવારોમાં કુલ ૨૭૫ કનેક્શનો પાસ થયા છે. જેમાં હાલ ૮૦ કનેક્શન આપવામાં આવ્યા છે. જેમાં ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ તથા ગેસ એજન્સીના સ્ટાફની ઉપસ્થિતિમાં ગેસ કિટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

સેશેલ્સનાં રાષ્ટ્રપતિએ ગાંધી આશ્રમ ખાતે પૂ. બાપૂને હૃદયાંજલિ અર્પણ કરી

ગાંધીનગર, તા. ૨૩

ભારતના પ્રવાસે આવેલ સેશેલ્સનાં રાષ્ટ્રપતિ ડેની ફોરે એ આજે સવારે ગાંધી આશ્રમની મુલાકાત લઈ પૂ. બાપૂને શ્રધ્ધાસૂમન અર્પણ કર્યા હતા.

તેમણે તેમની આ મુલાકાત વખતે મુલાકાત પોથીમાં નોંધ્યુ કે, અહિંસાના સિધ્ધાંતોને આજનાં જગતનાં બાળકોને શીખવાડવાની જરૂરી છે અને આ બાબત ઘણાં વર્ષો પહેલાં પૂ. બાપૂએ કહી હતી તે આજે પણ એટલી શાશ્વત છે. '' આંખ માટે આંખ લેશો તો સમગ્ર જગત અંધ થઈ જશે.''

રાષ્ટ્રપતિએ આશ્રમ ખાતે સંગ્રહાલય તથા સમગ્ર આશ્રમ પરિસરની મુલાકાત લઈ પ્રભાવિત થયા હતા.

તેમણે ગાંધીજીની પ્રતિમાને શ્રધ્ધાસૂમન અર્પણ કર્યા હતા. તેમને ગાંધીજીને પ્રિય એવો ચરખો પણ પ્રતિકરૂપે કાંત્યો હતો.

આશ્રમના ટ્રસ્ટી કાર્તિકેય સારાભાઈ અને અમૃતભાઈ મોદીએ સેશેલ્સના રાષ્ટ્રપતિને 'નોન વાયોલન્સ' અને ગાંધીજીની આત્મકથાનું અંગ્રેજી પુસ્તક 'ઓટોબાયોગ્રાફી' પુસ્તક પ્રતિકરૂપે ભેટ આપ્યું હતું.

ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમે આદિવાડા પ્રાથમિક શાળામાં 'બેટી વધાવો, બેટી પઢાવો' કાર્યક્રમ યોજ્યો

ગાંધીનગર, તા. ૨૩

ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર ક્લબ દ્વારા તા. ૨૨-૬-૧૮, શુક્રવારના રોજ ગાંધીનગર જિલ્લા ભાટ કલસ્ટરના સી.આર.સી. દિપીબેન પટેલ, ગાંધીનગર મ્યુનિસપલ કોર્પોરેશનના કોર્પોરેટર હર્ષાબા

આદીવાડા ગામની સરકારી સ્કૂલમાં 'બેટી વધાવો, બેટી પઢાવો કાર્યક્રમ' તથા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ઈન્ડિયન લાયન્સ ક્લબના નેશનલ ચેરમેન હિતેષભાઈ પંડ્યા , ઈન્ડિયન લાયન્સ ક્લબના નેશનલ વાઈસ ચેરમેન આશાબેન પંડ્યા, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્ષ અધિકારી કૌશિકભાઈ સોની, ગાંધીનગર ધાંધલ, બરખાબેન જહા, ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબના પ્રમુખ કુંપલબેન દવે, ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિમ ગાંધીનગર ક્લબના પ્રમુખ શિલ્પા બી. દેસાઈ, ઉપપ્રમુખ મનીષાબેન ગોહિલ, ભાવનાબેન દેસાઈ તથા સેક્રેટરી રેખાબેન પંડીત, કો. સેક્રેટરી ઉમાબેન સુતરીયા, ટ્રેજરર રશ્મિબેન ગોન્ડલીયા, લાયોનેસ મેમ્બર સરોજબેન દવે, ભારતીબેન જોષી, ચંદ્રીકાબેન પરમાર, લાયન્સ ઉદયભાઈ પાંભર, કિરણભાઈ પરમારે હાજરી આપી હતી. કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા આદિવાડા પ્રા. શાળાના પ્રિન્સિપાલ જયાબેન અને સેક્ટર-૨૭ પ્રા.શાળાના પ્રિન્સિપાલ નિતિનભાઈ પટેલ તથા શિક્ષકગણના સહયોગથી આ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

'બેટી વધાવો, બેટી પઢાવો' કાર્યક્રમ અંતર્ગત સ્કૂલમાં ધો. ૧ થી ૮માં પહેલો તથા બીજો નંબર લાવનાર વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા ઠંડા પાણીની વોટર બોટલ આપી પ્રોત્સાહીત કરવામાં આવી હતી. તથા વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન લાયન્સ ક્લબના ચેરમેન હિતેષભાઈ પંડ્યાએ આ પ્રસંગે કહ્યુ હતુ કે, 'દિકરીને ખૂબ મહત્વ આપવુ જોઈએ. તેઓએ બેટી વધાવો, બેટી પઢાવો વિષે સમજ આપી હતી અને સ્કૂલની વિદ્યાર્થીનીઓને પ્રગતિ કરવા ખૂબ ઉચ્ચ શિક્ષણ મેળવવાનું આહવાન કર્યુ હતુ. આવનારી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે તો દિકરીઓને શિક્ષિત કરવી જ પડશે.

મારામારીની ફરિયાદ કરવા ગયેલા બે યુવાનોને પોલીસે પીધેલાના કેસમાં અંદર કરી દીધા

ચિલોડા પાસેની ક્રિષ્ના હોટલ ખાતે બબાલ થતા બે યુવાનો પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા : બંને દારૂના નશામાં જણાતા પોલીસે તેમની સામે ગુનો દાખલ કર્યો

ગાંધીનગર નજીક ચિલોડા પાસે આવેલી ક્રિષ્ના હોટેલ નજીક ગઈકાલે મોડી સાંજે બોલાચાલી બાદ મારામારીના દૃશ્યો સર્જાયા હતા. આ બબાલ બાદ બે યુવાનો ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ફરિયાદ કરવા માટે ગયા હતા ત્યારે પોલીસે મારામારીની ફરિયાદ કરવા આવેલા આ બંને યુવાનોને પીધેલાના કેસમાં અંદર કરી દીધા હતા. મારામારીની ફરિયાદ કરવા પોલીસ સ્ટેશનમાં આવેલા આ બંને યુવાનો દારૂના નશામાં પીધેલી હાલતમાં હોવાનું જણાતા પોલીસે મારામારીની ફરિયાદ લેવાનું ટાળીને બંને યુવાનોને પ્રોહિબીશનના ગુના હેઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મુંબઈના મલાડ વિસ્તારમાં આવેલા લક્ષ્મીકુંજ એપાર્ટમેન્ટમાં રહેતા દિનેશ શંકર પટેલ અને મહારાષ્ટ્રના રાયગઢ ખાતે પારૂલ પ્લાઝામાં રહેતા રમેશ બાલચંદ પટેલ નામના બંને શખ્સોની પોલીસે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

સેક્ટર-૧૬ તથા ફતેપુરા પ્રાથમિક શાળાનો સંયુકત પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગરના સેક્ટર-૧૬ની સરકારી પ્રાથમિક શાળા તથા સેક્ટર-૧૫ની ફતેપુરા સરકારી પ્રાથમિક શાળાનો સેક્ટર-૧૬માં મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ઉજવાઈ ગયો. જેમાં ધોરણ-૧માં પ્રવેશ મેળવેલા બાળકોને દફતર તથા પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળા પ્રવેશોત્સવમાં મુખ્યમંત્રી કાર્યાલયના અધિક સચિવ વી.પી. પંડયાએ આંગવાડી, ધોરણ-૧ અને ધોરણ-૯માં બાળકોનો પ્રવેશ કરાવ્યો હતો. આંગણવાડીને આ પ્રસંગે રમકડાંની કીટ તથા બાળકો માટે સુખડી શીરાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધોરણ-૩ થી ધોરણ-૧૨માં વાર્ષિક પરીક્ષામાં પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને સે-૧૬ વેપારી મંડળ દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટર રમીલાબેન વાઘેલા, ઉપેન્દ્રભાઈ સુતરિયા, દેવલબેન છાબડા, સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા, જયેન્દ્રભાઈ પટેલ, અશોકભાઈ, મોહનભાઈ, સ્કુલ સંચાલન સમિતના અધ્યક્ષ તથા સભ્યો, ફતેપુરા પ્રાથમિક શાળાના આચાર્યા કોકિલાબેન, શિક્ષક ગણ તથા મોટી સંખ્યામાં બંને શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા માધ્યમિક શાળાની બાળાઓએ દેશભકિત ગીત તથા ગૌરવગાન રજૂ કરી સૌના મન મોહી લીધા હતા.

જાહેર નિવિદા

કોપીયર (ઝેરોક્ષ) મશીનનમાં ટોનર રીફીલિંગ તેમજ ડ્રમ કાર્ટિઝ રીપેરીંગ કરવા અંગેનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા બાબત

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં. ૧૧, ૧૨, ૧૪, ૨જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
ફોન નં. ૨૩૨૫૫૯૭૭, ૨૩૨૫૭૫૦૦, ૨૩૨૫૭૫૦૩

કચેરીના કાર્યરત કોપીયર (ઝેરોક્ષ) મશીનમાં ટોનર રીફીલીંગ તેમજ ડ્રમ કાર્ટિઝ રીપેરીંગ માટેની વાર્ષિક જાળવણીની કામગીરીમાં રસ ધરાવતી સ્થાનિક સંસ્થાઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે, જે ટેન્ડર ફોર્મ તારીખ ૨૫/૬/૨૦૧૮ થી ૪/૭/૨૦૧૮ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂ. ૧૦૦/- રોકડા ભરી મેળવી આ જ તારીખોમાં સીલબંધ કવરમાં રજૂ કરવાના રહેશે.

સહી/-
નાયબ શ્રમ આયુક્ત
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૭૮૦/૧૮-૧૯

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ